

# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧




કોઇ ચોર-લૂંટ મંડળીના ‘સરદાર’ હોય છે,
તો કોઇ પોકળ વચનના ‘સરદાર’ હોય છે,
જન્મે સરદાર રાજકારણે બધા પક્ષોમાં -
જાતને ય ઠગે એવા મૂર્ખમાં ‘સરદાર’ હોય છે




પક્ષ પલ્ટાઓ-
સત્તાના ગોળ પર -
ચિપકે માખી

‘લહેર નથી’,
‘મિડિયા’ની હવા છે,
ફૂટશે ફૂગ્ગો!

## ચિંતન

***અસહાયઃ સમર્થોઁ અપિ તેજસ્વી કિંકરિષ્યતિ ।***
***નિર્વાતે જ્વલિતો વહ્નિઃ સ્વયમેવોપશામ્યતિ ॥***

‘માણસ ભલેને ગમે તેટલો શક્તિશાળી કેમ ન હોય! પરંતુ તે તેજસ્વી હોવા છતાં જો કોઇની મદદ સહાય ન મળે તો શું કરી શકે? પવન વગરની જગ્યા (ગુફામાં) સળગતો અગ્નિ પણ પોતાની જાતે જ શાંત થઇ જાય છે અર્થાત તે ફેલાઇ શકતો નથી.’

એક અનુભવી ઉક્તિ છે, ‘વૃક્ષ વિના વેલ ન ચડે’ લતા-વેલની આસપાસ જો વૃક્ષ હોય તો તે તેના આધારે વૃક્ષ પર ચઢી પોતાનો વિકાસ કરી લે છે. તેમ અહીં પણ કહ્યું છે ઘણીવાર લાયક અને ગુણવાન લોકોને રાજ્યાશ્રય-સરકારી પ્રોત્સાહન કે કોઇ ધનિકની નાણાકીય મદદ ન મળે તો એ પોતાનું સત્ત્વ અને સ્વત્વ દર્શાવી શકતા નથી.

આજે રાજ્ય સરકારના પ્રોત્સાહનથી ગ્રામ્ય રમતવીરો ઓલંપિક સુધી પહોંચી શકે. ટીવી/રેડિયોના માધ્યમથી કલાકરોને ‘સ્ટેજ’ ઓળખ મળે છે.

ફિલ્મ અભિનેતાઓનાં પરિવારોમાં વારસાગત કલાકારો કંઇ પાકતા નથી પણ બાપ-દાદાના પરિચય ભલામણ-પ્રોત્સાહનને કારણે ‘કલાકાર’ થઇ જાય છે.

પવન વગરની જગ્યામાં અગ્નિનો વિકાસ થતો નથી ફેલાતો નથી. પવનનો ટેકો જરૂરી છે. ‘લાયકાત’ હોય તો પણ ‘લાગવગ’ આજના યુગમાં જરૂરી છે.

## સુવિચાર

- ‘ધર્મ’નું છે? જાણે છે તેને ખબર નથી, જેને ખબર છે તે કહેતાં નથી - ***રજનીશ***
- આધ્યાત્મિકતા વધશે તો જ સુંદર, સ્વસ્થ પ્રજા, સમાજ અને દેશું નિર્માણ થશે - ***શાસ્ત્રી માધવપ્રિયદાસજી***
- મીડિયા સબ પર નજર રખતા હૈ, પર મીડિયા પર કોન નજર રખ્ખેગા? - ***જનકલ્યાણ***
- પહેલા જીતવા માટે લડવાનું હોય છે અને જીત્યા પછી કોઇ હરાવી ન દે માટે - ***એસ. ભટ્ટાચાર્ય***
- સુખચેનથી મુસીબત રહે છે અમારા ઘેર, દુનિયાના દર્દ પણ છે સલામત અમારા ઘેર - ***શૂન્ય પાલનપુરી***
- ખરાબ વિચારોથી જ સારા ખ્યાલની કદર થતી હોય છે - ***માનસસૂત્ર***
- યોગ્ય માર્ગની રાહમાં સમય બગાડનારા જાણી લે કે ઘણી વખત તો ચાલતાં રહેવાથી જ માર્ગ મળતો હોય છે - ***રાવજી પટેલ***

***(સંકલન : દીપક વી.આસારા)***

## બોધ કથા

યાત્રાધામ, મંદિર, જયાં સતત સત્સંગ-ધૂન-ભજન ચાલતાં હોય એ વાતાવરણમાં ‘પવિત્ર-ઉર્જા’નું એક આવરણ હોય છે એમાં પ્રવેશતાં જ મન પ્રસન્ન થઇ જાય. આનંદમય લાગે છે એવી જ રીતે પવિત્ર સંત વ્યક્તિની આસપાસ કે કોઇ નિષ્ઠાવાન સજ્જન નેતાની આસપાસ પણ એક પવિત્ર ઉર્જાનું વાતાવરણ હોય એમને મળવાથી, વાતચીત કરવાથી પણ શાંતિ મળે. એની વિરૂદ્ધ કોઇ દુષ્ટ-આળશુ-દરિદ્રી જુઠા વ્યક્તિને મળતાં આપણને કંટાળો-થાક-બગાસાં શરૂ થાય છે..

એક સંતની ‘રામકથા’ પારાયણ ચાલતી હતી. એમાં એક ભાઇ નિયમિત આવે અને સંતની સામે જ બેસી રહે. ત્રીજા દિવસે એક આયોજકે સંતનું ધ્યાન દોર્યું, કે તમારી સામે જ જે ભાઇ બેસી એકીટસે તમને જોયા કરે છે એ જન્મથી જ ‘બહેરો અને મુંગો છે’ છતાં સમયસર આપની કથામાં હાજર રહે છે. સંતને આશ્ચર્ય થયું સાંજે મળવા બોલાવ્યા.

એમની ભાષામાં સમજી-સમજાવી શકે એવી એક વ્યક્તિ દ્વારા સંતે પુછ્યું, તમે સાંભળી નથી શકતા છતાં પણ કથામાં નિયમિત કેમ આવો છો?

પેલા ભાઇએ, ઇશારાથી નિષ્ણાત દ્વારા સમજાવ્યું, ભલે હું કંઇ સાંભળી-સમજી શકતો નથી પણ કથા મંડપના પવિત્ર વાતાવરણથી અને તમારા શબ્દોથી મારા શરીરના રોમે-રોમ પર અસર થાય છે અને એ હું હૃદયપૂર્વક અનુભવી શકું છું.’

સંતને સત્ય સમજાઇ ગયું.

Email - sureshchandrabhatt18@gmail.com

# ચાલો, સ્વયંને પ્રેમ કરવાનો દિવસ ઊજવીએ, દરરોજ

## વિચાર યાત્રા

***- ડો. જય ઓઝા***

પોતાની જાતને પ્રેમ ત્યારે જ થઈ શકશે જયારે આપણો પોતાની સાથે પરિચય થશે. આ પરિચય કેળવવા માટે આપણે આપણી જાત સાથે જ થોડો સમય વિતાવવો પડશે હજુ હમણાં જ આપણે બધાએ વેલેન્ટાઇન ડે જવ્યો. આજકાલ તો જાતભાતના દિવસો જવવામાં આવી રહ્યા છે, જેમ કે મધર્સ ડે, ફાધર્સ ડે, બ્રધર્સ ડે, સિસ્ટર્સ ડે, ચિલ્ડ્રન્સ ડે, ફ્રેન્ડઝ ડે વગેરે વગેરે. આ મોટા ભાગના દિવસો જવવા પાછળ એ બહાને લોકોને કાર્ડ, ગિફ્ટસ વગેરે ખરીદતાં કરવા એવું કેટલીક કંપનીઓનું કાવતરું છે એવું આપણને કહેવામાં આવે છે. સતત દુઃખી થવાનાં કારણો શોધતા, ફરિયાદ કરતા રહેતા અને બધી બાબતમાં કંઈકને કંઈક ખોડ શોધી કાઢતા લોકો બબડાટ કરતા રહે છે કે આ બધું વાહિયાત છે તો બીજી બાજુ દરેક ઉત્સવને માણવા માગતો વર્ગ છે એ કહે છે કે એમાં ખોટું શું છે કે આવા જાતભાતના ડેઝના નામે લોકો ખુશ થાય, ઉજવણીઓ કરે એમાં કોઈના બાપનું શું જાય છે? વેલ, તુલસીદાસ કહી જ ગયા છે કે તુલસી ઈસ સંસાર મેં ભાતભાત કે લોગ એટલે દરેકને પોતાનો મત મુબારક, પણ અહીં અમને આ વિવાદમાં પડવામાં કોઈ રસ નથી.

આજે તો વાત કરવી છે દરરોજ એક નવો જ ડે જવવાની. આ બધા ડેની ઉજવણીમાં મહિમા તો પ્રેમનો જ છે. વેલેન્ટાઈન્સ ડેના દિવસે આપણે જેમને પ્રેમ કરતા હોઈએ પછી એ બોયફ્રેંડ કે ગર્લફ્રેંડ એટલે કે વિજાતીય પ્રેમી હોય એવું જરૂરી નથી, પરંતુ આપણા જીવનના પ્રિય પાત્ર તરફ આપણા પ્રેમની અભિવ્યક્તિ કરીએ કે પછી મધર્સ ડેના નામે કે વુમન્સ ડેના આપણા જીવનમાં સ્થાન ધરાવતી સ્ત્રીઓ પ્રત્યે આપણી લાગણીની અભિવ્યક્તિ કરતા હોઈએ છીએ. આપણે બીજાઓ પ્રત્યે તો પ્રેમ વ્યક્ત કરીએ છીએ, પણ શું ક્યારેય આપણે આપણી જાતને પ્રેમ કરીએ છીએ?

મારા પરિચયમાં એક એવી સ્ત્રી છે જે વરસો સુધી ફક્ત સવારે એક વાર માથું ઓળાવતી વખતે જ અરીસામાં જોતી હતી. કારણ? કારણ કે તેને પોતાના ચહેરામાં અને શરીરના બાહ્ય દેખાવમાં ખામીઓ જ દેખાતી હતી. તેને પોતાનો જ ચહેરો અરીસામાં જોવો નહોતો ગમતો કારણ કે તે માનતી હતી અથવા તો નાનપણથી તેને ઠસાવી દેવામાં આવ્યું હતું કે તે સુંદર નથી. જયારે હકીકતમાં તે મિસ વર્લ્ડ કે મિસ યુનિવર્સ જેવી નહીં પણ દેખાવમાં સરસ છે.

> **શરીરની મોટા ભાગની બીમારીઓનું કારણ આપણું મન છે, આ બીમારીઓ એ વાતની સાબિતી છે કે આપણે ન તો આપણા મનને પ્રેમ કરીએ છીએ, ન આપણા શરીરને, આપણી જાતને પ્રેમ કરવાનો સૌથી મોટો લાભ એ છે કે એમાં પ્રેમ ભંગ થવાની કોઈ સંભાવના રહેતી નથી**

આપણને નાનપણથી શીખવવામાં આવે છે કે તમારી માને, પિતાને, સંબંધીઓને, મિત્રોને, પાડોશીઓને અને આખા વિશ્વને પ્રેમ કરો. વિશ્વબંધુત્વની મોટી-મોટી વાતો શીખવવામાં આવે છે પણ કોઈ ક્યારેય શીખવતું નથી કે સૌથી પહેલાં તો તમે તમારી જાતને પ્રેમ કરો. જો તમે તમારી જાતને પ્રેમ નહીં કરતા હો તો તમે ક્યારેય કોઈને પ્રેમ નહીં કરી શકો. સામાન્યપણે આવું કહીએ તો તરત જ સામેથી ઉત્તર આવે કે આ શું વાહિયાત વાત કરો છો? દરેક માણસ પોતાને તો પ્રેમ કરતો જ હોયને! એ વ્યક્તિને જો આપણે પૂછીએ કે ભાઈ અથવા ફોર ધેટ મેટર બહેન, તમને હાઈ-બ્લડપ્રેશર, શુગર કે એવી કોઈ બીમારી છે? જો આ પ્રશ્નનો જવાબ હા હોય તો એનો સીધો અર્થ એ છે કે તમે તમારી જાતને પ્રેમ નથી કરતા. જો આપણે આપણી જાતને પ્રેમ કરતા હોઈએ તો આપણે આપણા શરીર પ્રત્યે આટલા બેદરકાર કઈ રીતે હોત? શરીરની મોટા ભાગની બીમારીઓનું કારણ આપણું મન છે. આ બીમારીઓ એ વાતની સાબિતી છે કે આપણે ન તો આપણા મનને પ્રેમ કરીએ છીએ, ન આપણા શરીરને. આપણી જાતને પ્રેમ કરવાનો સૌથી મોટો લાભ એ છે કે એમાં પ્રેમભંગ થવાની કોઈ સંભાવના રહેતી નથી.

સૌથી મહત્ત્વની વાત તો એ છે કે જે વ્યક્તિ પોતાને પ્રેમ નથી કરી શકતી તે ક્યારેય બીજાને પ્રેમ ન કરી શકે. આપણા મનમાં એક વાત કોણ જાણે કેમ પણ ઠસાવી દેવામાં આવી છે કે પ્રેમ કરવા માટે તે વ્યક્તિ સુંદર અથવા બુદ્ધિશાળી કે કોઈક ચોક્કસ ગુણ ધરાવતી હોવી જોઈએ. જો એવું જ હોત તો જેને સૌથી પવિત્ર પ્રેમ ગણવામાં આવે છે એ માનો સંતાન માટેનો પ્રેમ કેવી રીતે સંભવી શકત, કારણ કે બાળકમાં ન તો કોઈ એવા ગુણ હોય છે કે ન તો તે એ પ્રેમના વળતરમાં પ્રેમ સિવાય કશુંય આપી શકવાને કાબેલ હોય છે. ગમે તેટલું ગંદું, ગોબરું, કાળું કે કદરૂપું બાળક બીજા કોઈનું હોય કે ન હોય પણ તેની માના પ્રેમનું પાત્ર તો હોય જ છે.

જયારે આપણે આપણી જાતને પ્રેમ કરવા માંડીએ છીએ ત્યારે આપણે બીજાઓ પ્રત્યે પણ વધુ સહિષ્ણુ થઈ જઈએ છીએ. જેમ આપણા તમામ ગુણદોષ સહિત આપણે પોતાને ચાહવા માંડીએ છીએ એમ-એમ આપણી આસપાસના લોકોના દોષ પ્રત્યે પણ આપણી સહિષ્ણુતા વધતી જાય છે. આપણા સમાજમાં આપણને સતત બીજાઓનું ધ્યાન રાખવાનું, બીજાઓની કાળજી લેવાનું શીખવવામાં આવે છે, પણ હકીકત તો એ છે કે જો આપણે પોતે જ અસંતુષ્ટ હોઈશું, ઉદાસ અને દુઃખી હોઈશું તો બીજાને પણ એ જ આપીશુંને! જે આપણી પાસે હોય એ જ આપણે બીજાઓ સાથે વહેંચી શકીએને! અલબત્ત, અહીં આપણા પોતાના અહંકારને પંપાળવાની વાત નથી કે ન તો બીજાઓને ઉતારી પાડવાની વાત છે. આપણે જેવા છીએ એવા જ આપણી જાતને જો આપણે ચાહી શકીએ તો જ કદાચ આપણે આપણા આંતરિક વિકાસ તરફ આગળ વધી શકીએ.

ઘણા લોકો સતત પોતાની જાતને જ ઉતારી પાડતા હોય છે. મારી રસોઈ સારી નથી થતી કે પછી મારા ડ્રેસની પસંદગી તમારા જેવી ન હોય એવી પોતે જ મનોમન બીજાઓ સાથે તુલના કરીને હીનતા અનુભવતા લોકો આપણી આસપાસથી મળી આવે છે. જો આપણે જ આપણું પોતાનું સન્માન ન કરતા હોઈએ, આપણે જ આપણને પ્રેમ ન કરતા હોઈએ તો બીજાઓ આપણને પ્રેમ કરે કે આપણો આદર કરે એવી અપેક્ષા કઈ રીતે રાખી શકાય? આપણું આધુનિક જીવન એટલું અટપટું થઈ ગયું છે જયાં સતત આપણે કેટલા સફળ, કેટલા પૈસાદાર, કેટલા પ્રતિષ્ઠિત છીએ, આપણે કઈ બ્રાન્ડની કાર વાપરીએ છીએ કે ક્યા વિસ્તારમાં ફ્લેટ ધરાવીએ છીએ અથવા સ્માર્ટફોન વાપરીએ છીએ કે પછી ક્યાં હોલિડે મનાવવા જઈએ છીએ એના પરથી સતત આપણને મૂલવવામાં આવતા હોય છે. બીજાઓ આપણને આ બધા માપદંડથી જજ કરે છે અને ધીમે-ધીમે આપણે પણ આપણી જાતને એ રીતે જ જોવા માંડીએ છીએ અને આપણને સતત થાય છે કે મારી પાસે આ નથી કે હું અમુક પદ પર નથી એટલે હું નકામો કે નકામી છું. અમુક ચોક્કસ લક્ષ્ય જે આપણે આપણા માટે નક્કી કરી નાખ્યાં હોય છે એ આપણે પ્રાપ્ત ન કરી શકીએ તો આપણે આપણો પોતાનો જ તિરસ્કાર અને ઘૃણા કરવા માંડીએ છીએ. આ ગાંડી દોટમાં આપણે બીજા કોઈની નહી પણ ખુદ પોતાની જ અવગણના કરીએ છીએ. સવારથી રાત સુધી આપણે દોડતા રહીએ છીએ અને ઘડીકવાર પણ આપણને આપણી જાત સાથે બેસવાની, સમય વિતાવવાની ફુરસદ હોતી નથી. પોતાની જાતને પ્રેમ ત્યારે જ થઈ શકશે જયારે આપણો પોતાની સાથે જ પરિચય થશે. આ પરિચય કેળવવા માટે આપણે આપણી જાત સાથે જ થોડો સમય વિતાવવો પડશે. એક વાર આ આવડી જશે તો આપણને સમજાશે કે આપણો પોતાના જેવો આપણો બીજો કોઈ દોસ્ત છે જ નહી.

પોતાને પ્રેમ કરવા માટે કોઈ અલગ દિવસ ઊજવવાની જરૂર નથી, એ દિવસ તો રોજ જ હોવો જોઈએ. એક વાર જાતને પ્રેમ કરતા આવડી જાય તો જગત સાથે પ્રેમ તો સહજ જ થઈ જવાનો.



# એક નસીબદાર વિદ્યાર્થી વત્સલ શિક્ષક, વળી લેખક, સમાજ સેવક શ્રી સુધીરભાઈ મહેતા

## મોંઘેરા મોતી

***- નટવર આહલપરા***

અનેક ક્ષેત્રમાં સેતુ બનવાનું સદ્‌નસીબ જેમને પ્રાપ્ત થયું છે તેવા નસીબદાર વળી વિદ્યાર્થી વત્સલ શિક્ષક અને લેખક સુધીરભાઇ મહેતાને મળીએ તે પહેલા મોરારી બાપુનું કથન વાચીએ : ‘શિક્ષણ પ્રક્રિયામાં તંત્ર, શિક્ષકો, આચાર્યો અને શિક્ષણની ચિંતા કરનારા તમામ જાગૃત હોય ત્યારે એકવચન દ્વિવચન અને બહુવચનની પ્રક્રિયા સાર્થક બને છે.’

સુધીરભાઇ કાનજીભાઇ મહેતા તા. ૦૫-૦૯-૧૯૬૦માં શિક્ષક દિને જન્મ્યા. મને લાગે છે કે તેમનામાં રહેલા શિક્ષકનો ઉદય પણ જન્મકાળથી જ થયો હશે. અમરેલી જીલ્લાના સાવરકુંડલા તાલુકાના વંડા ગામે જન્મેલા સુધીરભાઇએ બારમું ધોરણ પાસ કર્યા પછી જુનિયર પી.ટી.સી.નો અભ્યાસ કર્યો અને એ અભ્યાસને જીવનમાં સાર્થક કરી બતાવ્યો. સુધીરભાઇ તેમના નામને ઉજાળ્યું છે. તેમનાં વ્યક્તિત્વ માટે એક સુભાષિત ઉચિત છે,

સુધરે અને સુધારે તેનું નામ શિક્ષક.

સુધીરભાઇએ તો લાગલગાટ બત્રીસ વર્ષ અધ્યાપન કાર્ય કરી પોતાનો ભવ સુધારી લીધો છે. ગુજરાત રાજયનો, અમરેલી જીલ્લાનો, ભારત સરકારનો, રેન્ક એન્ડ બોલ્ડ અને સારસ્વત એવોર્ડ, અચલા ફાઉન્ડેશન અમદાવાદ સંસ્થાઓનાં એક નહીં અનેક એવોર્ડથી વિભૂષિત સુધીરભાઇ એક ભવમાં શિક્ષક, લેખક અને સમાજસેવકની ત્રિવિધ ભૂમિકા ભજવી રહ્યા છે અને સેતુરૂપ બની રહ્યા છે એથી વિશેષ જીવનની મજા બીજી કઇ હોઇ શકે?

સુધીરભાઇની પાઠશાળાના આદર્શ સૂત્રધારો હંમેશા રહ્યા છે. પિતા કાનજીભાઇ અને માતા મંગલાબાની કૂખે અવતરેલા સુધીરભાઇના જન્મ સમયે ગળથૂંથીમાં આપવા માટે ઘરમાં ગોળ સુદ્ધા નહોતો પણ સમયે જ યજમાન મુહૂર્ત જોવડાવવા આવ્યા અને પાંચ રૂપિયા દક્ષિણામાં આપતાં ગયાં. પાંચ રૂપિયાનો ગોળ લાવી ગળથૂંથી પાઇ હતી. માતા પિતાએ સમજપૂર્વક સુધીર નામ રાખ્યું અને તેઓની મનો ઇચ્છા સુધીરભાઇએ પુરી કરી છે.

સાદગી, સરળતા, સ્નેહ, સર્જન અને સેવા જેમને બહુ જ પ્રિય છે એવા સુધીરભાઇ બાળક સાથે નાચ્યા છે કૂદયા છે. વેકેશનનો મોહ રાખ્યો નથી. સતત... ક્ષણક્ષણે બસ બાળા રાજા જ તેમની સૃષ્ટિ રહી છે. સારા કર્મોનું ફળ તેમને ઇશ્વરે આપ્યું જ છે. સેંથીનો સંગાથી વાર્તાથી કલમસાધક તરીકે ગુજરાતી ઉત્તમ સાહિત્યના સર્જકના શ્રીગણેશ કર્યા. લાગલગાટ ‘પાનખર’ નામની ખૂબ જ લોકપ્રિય કોલમ દસ વર્ષ સુધી સૌરાષ્ટ્ર સમાચારમાં લખી અનેક વરિષ્ઠ, વંદનીય વ્યક્તિત્વનો પરિચય કરાવ્યો હતો.

સુધીરભાઇની સકારાત્મક ચિંતા એ છે કે આજે પુત્રો ઝડપી યુગના નેજા હેઠળ માતાપિતા પાસે બેસતા નથી. તેમની વાત, વેદના સાંભળતા નથી. આવા દૃશ્યો જોઇ તેમનું હૈયું ગદ્‌ગદિત થઇ જાય છે.

ગુજરાતી ઉપકારક સાહિત્ય સર્જન કરવામાં તેઓ પગવાળીને બેઠા નથી. તેમના પુસ્તકોમાં ‘ભવસાગરનો મોતી’ નું તા. ૨૬-૦૧-૧૯૯૯ ના રોજ સેંજલ ધામ ખાતે મોરારી બાપુના હસ્તે વિમોચન થયું પછી તો ‘પાનખરનો પમરાટ’, ‘સમાજનો સેતુ’, ‘રૂડા જીવતર’, ‘વતનનાં રતન’, ‘લીલી વાડીના રખોપિયા’, ઋણાનુબંધ (બીજી આવૃત્તિ) જેવા પ્રેરક, ઉમદા અને સંદેશ આપતા પુસ્તકો ભાવક હિતાર્થે આપ્યા છે. અહીં શ્રી સુધીરભાઇના વ્યક્તિ વિશે જરૂર કહેવું પડે,

“શિક્ષક સાહિત્યરસિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક હોવો જોઇએ.”

સુધીરભાઇ તો સાહિત્યરસિક, સાંસ્કૃતિક અને અધ્યાત્મકથી સભર શિક્ષક છે. કોઇ પણ દીકરીની લગ્નની જાન વિદાય થતી હોય એ કન્યા વિદાયનો પ્રસંગ જોઇએ તેઓ બાળક માફક ધ્રુસકે ધ્રુસકે રડી પડે છે. તેઓનો જીવનમંત્ર એ છે કે, ‘મારું જીવન અંજલી થાજો... વરસેલા વાદળની જેમ જગત મને યાદ કરે...!’

યુવાનોને પ્રેરક સંદેશ આપતાં તેઓ કહે છે કે, બહુ ફેશન, વ્યસન કરશો નહીં. નવરા બેસશો નહીં. દેખાદેખી છોડજો. અપેક્ષા રાખશો તો દુઃખી થશો. અપેક્ષા દુઃખની જનની છે. હવે પછીના જીવનમાં લેખક સુધીરભાઇ પોતાનું જીવન આશ્રમશાળા અને વૃદ્ધાશ્રમ બંને એક પરિસરમાં બનાવીને આદર્શ સંસ્થા ઊભી કરીને કિલ્લોલ કરતા નાના ભૂલકાઓ તથા કિલ્લોલ કરતાં વૃદ્ધોની વચ્ચે રહીને જીવન સંધ્યાના દિવસો લોક કલ્યાણ સમાજ સેવામાં પસાર કરવા ઇચ્છે છે.

આ માટેનું આગવું આદર્શ આયોજન ઘડીને આજીવન સેવાની જયોત આવતી પેઢીને મળે તથા નવી પેઢીને તેમનો બહોળા જ્ઞાન અને અનુભવનું ભાથું મળે તેવો પ્રયાસો કરી રહ્યા છે. તેઓ કહે છે કે, ‘શિક્ષક કદી નિવૃત્ત થતા નથી.’ શિક્ષક આજીવન શિક્ષક છે. તે જીવનમાં સદાય શીખતો રહે છે અને બીજાને શીખવતા રહે છે. જ્ઞાન સમૃદ્ધિનો પટારો શિક્ષક સમાજ સામે જીવે ત્યાં સુધી ખુલ્લો રાખે તો તેમનું જીવન અમર ગીત બની જાય છે.

શિક્ષકે સરવાળો સત્કર્મનો, બાદબાકી બૂરાઇની, ગુણાકાર ગુણનો અને ભાગાકાર ભૂલનો શીખવવાનો છે. સત્કર્મથી ભર્યા ભર્યા સુધીરભાઇને વંદના છે.

અનેક ગુણોથી સંપન્ન સુધીરભાઇની સ્વસ્થતા, પ્રસન્નતા સદા જળવાઇ રહે અને તેઓ રાષ્ટ્રને, ગુજરાતી સાહિત્યને શિક્ષણ પ્રવાહને વધુને વધુ ઉપયોગી થાય તેવી શુભેચ્છા પાઠવીએ, તેનો મોબાઇલ નં. ૯૪૨૮૬૨૦૫૬૨.

# એ તને પ્રેમ નહોતી કરતી, તારા પૈસાને પ્રેમ કરતી હતી, સાંભળ્યું છે કે તારા પૈસા ગયા એમ પણ એ પણ ગઇ ને? ક્યાં ગઇ ખબર છે? તારા પ્રિય મિત્રને લોટરી લાગ્યાના સમાચાર એના કાન સુધી પહોંચી ગયા અને અત્યારે એની સોડમાં ભરાઇને બેઠી છે!

## નવો સાથ

***- જય ગજ્જર***

જે બની ગયું એની વ્યથામાં સાત દિવસથી માઇકની ઊંઘ ઊડી ગઇ હતી. જીવનમાં જાણે એક ચમત્કાર બન્યો! સારા સાથી મળ્યાનો આનંદ એક સપનાની જેમ સરકી ગયો હતો. ઓફિસમાં નવી આવેલ સુંદર લટકાળી યુવતીએ એની મોહજાળમાં એને ફસાવી દીધો હતો. પ્રેમાળ પત્નીનો સાથ છોડી એનો ભ્રામક સાથ સોહામણો લાગ્યો હતો. કેલીએ પતિના સુખ માટે ખુશ થઇ એના બંધનમાંથી મુક્ત કર્યો હતો. સાત દિવસથી પ્રેમભર્યા સુખી સંસારની યાદ હવે વસમી બનાવી રહી હતી. આજ સવારે ઉઠતાં જ માઇકની નજર સામે બારીએ દોડી ગઇ.

એક કબૂતર ચાંચમાં એક કવર લઇ બેઠું હતું. જૂના જમાનામાં કબૂતરો સંદેશા લાવવા એ યાદ આવી ગયું. એ પલંગમાંથી ઊભો થઇ બારી પાસે ગયો.

એને આવતો જોઇ કબૂતર પાંખો ફફડાવી એક કવર મુકી ઊડી ગયું. માઇકે આશ્ચર્ય સહ કવર ઉપાડી લીધું. પલંગમાં પાછા ફરી કવર ખોલ્યું. મુંબઇથી કેલીનો પત્ર જોઇ આશાનું કિરણ ફૂટ્યું.

> ***સાંભળવામાં આવ્યું છે કે તું મનથી ભાંગી પડતાં ડિપ્રેશનનો ભોગ બની ગયો છે તે કદી ટેબલ પરથી પ્લેટ કે ગ્લાસ નથી ઉપાડ્યા, તને રસોઈ કરતા નથી આવડતું. હું તારા કપડાં, તારી ટાઈ પણ તારે માટે તૈયાર રાખતી, હવે તું શું કરતો હોઈશ?***

“માય ડીઅર માઇક, તું મારો પતિ હતો અને મારે મન હજુય છે. પેલી ડાકણે તને ભ્રામક પ્રેમ અને સેક્સના આનંદની જાળમાં ફસાવ્યો અને તું લલચાઇ સારા સાથ માટે ફસાઇ ગયો. મીઠા મધુર સહવાસની લાલચમાં ભોળવાઇ તેં બેન્કના આપણા જોઇન્ટ ખાતામાં મારું નામ કાઢી એનું નામ ઉમેર્યું. એ તને પ્રેમ નહોતી કરતી, તારા પૈસાને પ્રેમ કરતી હતી. સાંભળ્યું છે કે તારા પૈસા ગયા એમ પણ એ પણ ગઇ ને? ક્યાં ગઇ ખબર છે? તારા પ્રિય મિત્રને લોટરી લાગ્યાના સમાચાર એના કાન સુધી પહોંચી ગયા અને અત્યારે એની સોડમાં ભરાઇને બેઠી છે!”

વર્ષોથી પ્રેમ કરતી પત્ની કેલીના પ્રેમને તું ન સમજી શક્યો અને એક ડાકણની જાળમાં ફસાઇ ગયો. તારી સાથે ઝઘડો કે ફરિયાદ કર્યા વિના તને મુક્ત કરી હું મારા ડેડી પાસે આવી ગઇ. સાંભળવામાં આવ્યું છે કે તું મનથી ભાંગી પડતાં ડિપ્રેશનનો ભોગ બની ગયો છે તે કદી ટેબલ પરથી પ્લેટ કે ગ્લાસ નથી ઉપાડ્યા. તને રસોઇ કરતા નથી આવડતું. હું તારા કપડાં, તારી ટાઇ પણ તારે માટે તૈયાર રાખતી. હવે તું શું કરતો હોઇશ? કેવી રીતે જીવતો હોઇશ? હતાશાનો શિકાર બનતાં એકલતાનો ભોગ બની ગયો છે ને? તારી યાદ આવતાં તારી બહુ ચિંતા થાય છે. તને મેં સાચા દિલથી પ્રેમ કર્યો છે. તને મારાથી મુક્ત કરું તો એ ડાકણ સાથે તું સુખના સાગરમાં મહાલી શકે એટલે કમને મારા બાપને ઘરે આવી ગઇ. તારી જેમ નવો સાથ શોધ્યો નહિ કે હું બીજે પરણી નહીં. તારા સુખ અને આનંદ માટે પ્રભુને પ્રાર્થતી રહી. પાડોશી સુઝન પાસેથી તારા સમાચાર જાણી બહુ દુઃખી છું, તને સુખી કરવા મન તારી પાસે દોડી આવવા ઝંખે છે. મારે મન હજુ તું મારો પતિ છે અને કાયમ માટે રહેવાનો. તારો એક પ્રેમભર્યો પત્ર મળતાં હું દોડી આવીશ. પ્રેમમાં પડ્યા ત્યારે જેવા આનંદિત અને સુખી હતા એ દિવસો પાછાં જોઇએ છે? તારા પ્રેમ અને સંગ ઝંખતી તારી જ અભાગી કેલીની મીઠી યાદ.’ કેલીની પ્રેમાળ છાયા આંખ સામે રમી રહી.

વધુ વિચાર્યા વિના માઇકે એક વાક્યમાં હૈયું ઠાલવ્યું.

‘ડિઅર મને માફ કરજે. તારો પ્રેમાળ સાથ છોડી એક નવા સાથ સાથે સુખના ભ્રમમાં તારા પ્રેમને અવગણી ભૂલો પડ્યો હતો. હવે એવી ભૂલ જિંદગીમાં કદી નહિ થાય. આ ઘરનાં અને મારા દિલનાં દ્વારા તારે માટે સદા ખુલ્લાં જ છે. તારો સાથ ઝંખતો માઇક.’પત્ર લખી કવરમાં મુકી કેલીને રવાના કરી દીધો.

- jaygajjar26@gmail.com